## સ્કેમ્સ (કૌભાંડો) શું હોય છે?

**સ્કેમ્સ છેતરપિંડી હોય છે અને છેતરપિંડી એક ગુનો હોય છે!**

સ્કેમ્સ લોકોને ડરાવીને અથવા રોકડ, ઇનામો, સર્વિસિસ અને નકલી ઉચ્ચ રોકાણ પર આવકના પ્રોમીસ આપીને તેમના નાણાં અને વ્યક્તિગત વિગતોનો મેળવે છે.

તેમનો હેતુ એ છે કે લોકો તેમની વ્યક્તિગત વિગતો જાહેર કરે, તેમની માહિતીની ચોરી કરે અથવા તો સ્વેચ્છાએ ચૂકવણી કરે અથવા રોકડ રકમ સોંપી દે.

## સ્કેમના તથ્યો

**વરસમાં**

**£5-10**

**બિલિયન નુકસાન પહોચાડે છે**

સ્કેમ્સથી યુકેના અર્થતંત્રને વરસમાં £5-10 બિલિયન નુકસાન પહોચાડે છે

**53%**

65 કે તેથી વધુ ઉંમરના લોકો સ્કેમનો શિકાર બનાવવામાં આવ્યા છે

**5%**

સ્કેમનો શિકાર બનેલા લોકો કાયદાના અમલીકરણ માટે જાણ કરે

**કોઈપણ વ્યક્તિ સ્કેમનો શિકાર બની શકે છે,ભલે પછી તેની પૃષ્ઠભૂમિ કાઈ પણ પણ હોય**

**સ્કેમ્સની પાછળ નિર્દયી શિકારી ગુનેગારો લોકો હોય.**

## શું તમે જાણો છો કે સ્કેમ્સ કેવી રીતે શોધવું?

નીચે આપેલી આઇટમો ધરાવતા તમામ કમ્યુનિકેશન સ્કેમ્સ હોતા નથી, પરંતુ જો તમને આમાંથી કોઈ એક કામ કરવા માટે કહેતી કશુંક પ્રાપ્ત થાય, તો તમારે સાવચેત રહેવું જોઈએ અને વિશ્વસનીય મિત્ર અથવા સંબંધી પાસેથી બીજો અભિપ્રાય મેળવવો જોઈએ:

### ધ્યાન રાખવા જેવી બાબતો

- તમારી જીતેલી વસ્તુ  મેળવવા માટે તમારો સંપર્ક કરનાર વ્યક્તિ તમારી પાસે પૈસા માંગે.
- ગેરેન્ટી આપનાર લોટરી જીતવા જેવી ખૂબ જ સારી સાચી ઑફરો બનાવે.
- ઝડપથી રીસ્પોન્સ આપવા દબાણ હોય, “મર્યાદિત ઓફર છે હવે અત્યારે રીસ્પોન્સ આપો, વાર ના કરો.”
- પરિવાર અથવા મિત્રોથી કોમ્યુનિકેશન ગુપ્ત રાખવા પ્રોત્સાહિત કરે.
- વિદેશમાં પૈસા મોકલવા અથવા તમારા પૈસા કોઈ બીજાના બેંક ખાતામાં નાખવાનું કહે.
- લિંક્સ પર ક્લિક કરવા અથવા ઇમેઇલોમાં એટેચમેન્ટ્સ ખોલવા માટે પ્રોત્સાહિત કરે.
- અજાણ્યા અથવા વિદેશી ફોન નંબર્સથી ફોન કૉલ્સ આવે.



Friends Against SCAMS

## સ્કેમ્સ ગાઈડ



**સ્કેમ્સ સમગ્ર યુકેના લાખો લોકોના જીવન પર અસર કરે છે. જે લોકો કૌભાંડનો ભોગ બને તેઓ પરિણામે ઘણીવાર શરમ અને સામાજિક અલગતાનો અનુભવ કરે છે.**

રક્ષણ કરવાના હેતુસર  ફ્રેંડ્સ અગેઈન્સ્ટ સ્કેમ્સ એક નેશનલ ટ્રેડિંગ સ્ટાન્ડર્ડ્સ (એનટીએસ)સ્કૅમ્સ ટીમ પહેલ છે અને સશક્તિકરણ કરીને લોકોને સ્કેમ્સનો ભોગ બનતા અટકાવવા સ્કેમ્સ સામે લોકોને ઉભા કરે છે.

NATIONAL TRADING STANDARDS

Scams Team

# વિવિધ પ્રકારના સ્કેમ્સ કયા છે?

### મેઈલ સ્કેમ્સ

સામાન્ય પ્રકારના પોસ્ટલ સ્કેમ્સમાં નકલી લોટરીઓ અને ઇનામી ડ્રો, રોકાણોની ઓફર, વારસાગત આવકમાં અચાનક અને અનપેક્ષિત વધારો, આરોગ્ય ઉપચાર અને ભેદક પત્રોનો સમાવેશ થાય છે.

### ટેલિફોન સ્કેમ્સ

સામાન્ય ટેલિફોન સ્કેમ્સમાં રોકાણ, પેન્શન અથવા કોમ્પ્યુટર સપોર્ટના સ્કેમ્સનો સમાવેશ થાય છે.

કૉલ કરનાર વ્યક્તિ ઘણી વાર ખૂબજ પ્રોફેશનલ હોય છે અને તે તમારી બેન્ક, પોલીસ અથવા તમે જેને ઓળખો છો તેવી અન્ય કોઈ કંપની જેવી વિશ્વસનીય સંસ્થામાંથી હોવાનો નાટક કરી શકે છે. ફૉલર પાસે તેમને અસલી બનાવવા માટે
તમારી કેટલીક માહિતી હોઈ શકે છે

### ઘરે આવીને કરે તેવા સ્કેમ્સ

ગુનેગારો કાયદેસર હોવાનો નાટક કરે છે ધંધાદારી લોકો ખામીયુક્ત, બિનજરૂરી, વધુ પડતી કિંમતવાળી, નબળી ગુણવત્તાવાળી અથવા અસ્તિત્વ ના ધરાવતી ચીજવસ્તુઓ અથવા સર્વિસિસનું વેચાણ કરે.

### ઇન્ટરનેટ સ્કેમ્સ

તમારી અગત વિગતો જાહેર કરવા તમારી સાથે છેતરપિંડી કરવા તમારી બેંક અથવા અન્ય કંપનીનો ઈમેઈલ બદલીને આવી શકે છે.

તમને કોઈ લિંક પર ક્લિક કરવાનું કહેવામાં આવી શકે છે જે તમને બનાવટી વેબસાઇટ પર લઈ જાય જ્યાં તમને તમારી વિગતો દાખલ કરવાનું કહેવામાં આવશે.

# લોકો શા માટે સ્કેમ્સને રીસ્પોન્સ આપે છે?

લોકોને આકર્ષવા અને સ્કેમ્સને રીસ્પોન્સ આપવા, કેટલીકવાર ગુનેગારો એકલતા, નબળાઈ અને સામાજિક અલગતા પર આધાર રાખે છે.

ઘણા લોકો અમુક પ્રકારની જ્ઞાનાત્મક કમી સાથે જીવે છે, જેમ કે ડિમેન્શિયા, જે કાયદેસરની તકોથી સ્કેમ્સને અલગ પાડવાની તેમની ક્ષમતાને અસર કરી શકે છે. અન્ય એકલા અથવા સામાજિક રીતે અલગ પડી શકે તેવા લોકો હોય છે તેથી ઓફર અસલી છે કે કેમ તે અગે બીજાનો અભિપ્રાય માટે તેમની કોઈ પાસે બીજો કોઈ ના હોય.

એકવાર કોઈએ કૌભાંડનો રીસ્પોન્સ આપ્યો, તો તેમની વ્યક્તિગત વિગતો હંમેશા શેર કરવામાં આવે છે અને અન્ય ગુનેગારો વચ્ચે વેચવામાં આવે છે જેઓ આ માહિતીનો ઉપયોગ સ્કેમ મેઇલ, વારવાર ફોન કોલ્સ દ્વારા તેમને અવિરતપણે ટારગેટ કરે અથવા વ્યક્તિની જીવનની બચત છીનવા માટે, ગેરમાર્ગે દોરવા, ડરાવવા અને ધમકાવવા માટે ઘરની મુલાકાતો વારંઘડી કરે.



Friends Against SCAMS

NATIONAL TRADING STANDARDS
Scams Team

# તમારી જાતને અને અન્યોને કેવી રીતે બચાવવા

- નકામા, બિન આમંત્રિત કોલર્સને 'ના' કહો.
- જો કોઈ ઓફર સાચી હોવાનું ખૂબ સારું લાગે છે, તો તે કદાચ હોય.
- નિર્ણય લેવા માટે દબાણ ના અનુભવો, તમારો સમય લો અને સલાહ લો.
- પોસ્ટલ સ્કેમ્સમાં હોશિયાર બનો, કોઈ વાસ્તવિક કંપની ઇનામનો દાવો કરવા માટે પૈસા માંગતી નથી.
- તમારી વ્યક્તિગત વિગતોને સુરક્ષિત રાખો, હંમેશા ખાતરી કરો કે તમે જેની સાથે વાત કરી રહ્યા છો તે વ્યક્તિ અસલી અને કાયદેસર કંપનીમાંથી છે.
- ઓનલાઇન સમજુ બનો, ગુનેગારો વાસ્તવિક કંપનીઓની નકલ કરી શકે છે, જો તમે મકકમ ના હોવ તો, ઇમેઇલ્સ લિંક્સ અથવા એટેચમેન્ટ્સ ના ખોલો.
- જો તમને શંકા હોય તો તમારા વિશ્વાસપાત્ર વ્યક્તિ સાથે વાત કરો.
- કોઈપણ કૌભાંડનો શિકાર બની શકે છે. જો તમે કૌભાંડ જૂઓ, તો હંમેશા તેની જાણ કરો.

# વધુ માહિતી માટે

મુલાકાત લો **www.FriendsAgainstScams.org.uk**

### ઇંગ્લેન્ડ અને વેલ્સ

**રીપોર્ટ કરો: Action Fraud ને 0300 123 2040 પર સંપર્ક કરો**
**સલાહ: Citizens Advice ને 0808 223 1133 પર સંપર્ક કરો**

### સ્કોટલેન્ડ

**રીપોર્ટ કરો: Police Scotland ને 101 પર કૉલ કરો**
**સલાહ: Advice Direct ને 0808 164 6000 પર સંપર્ક કરો**

### ઉત્તરી આયર્લેન્ડ

**રીપોર્ટ કરો: Action Fraud ને 0300 123 2040 પર સંપર્ક કરો**
**સલાહ: Consumerline ને 0300 123 6262 પર સંપર્ક કરો**